www.westerntimes.co.in અમદાવાદ, ગાંધીનગર તથા અંગ્રેજી આવૃત્તિ સહિત પ્રગટ થતું દૈનિક પાના - ૮ * કિંમત : ૧ રૂપિયા gujarati@westerntimes.co.in

ગાંધીનગર
વેસ્ટર્ન ટાઇમ્સ
WESTERN TIMES

સ્થાપક તંત્રી :
સ્વ. રામુ પટેલ
તંત્રી : નિકુંજ પટેલ

RNI Reg. No. GujGuj/1997/252
Reg. No. G-GNR-319
Valid upto 31-12-2020
Posting at RMS Ahmedabad

VOL : 22 * NO. 43 શુક્રવાર તા. ૧૬ માર્ચ, ૨૦૧૮ ★ 16/3/2018 Gandhinagar ★ સંવત- ૨૦૭૪, ફાગણ વદ- ૧૪

Printed & Published by **Nikunj R. Patel** on behalf of **Western Times Publications Pvt. Ltd.** Printed at **Western Times Pub. Pvt. Ltd.** Survey No. 1315P, Opp. Ramapir Temple, Shilaj-Thol Road, Shilaj, Ahmedabad and **Published at** Gandhinagar Western Times, Akhbar Bhavan, Plot No. 233, Sector-11, Gandhinagar-382011. (Gujarat). **Editor :** Nikunj R. Patel **ફોન :** ૦૭૯-૨૬૫૪૦ ૨૮૮૦, **જાહેરાત :** ૦૭૯-૨૬૫૪૦ ૨૮૮૧ **ફેક્સ :** ૦૭૯-૨૬૫૪૦૨૮૮૨

પાકિસ્તાને ભારત સ્થિત હાઇ કમિશ્નરને પાછા બોલાવ્યા

પાકિસ્તાન ભારતમાં પોતાના ઉચ્ચાયોગના સ્ટાફની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે કોઇ પણ હદ સુધી જઇ શ કે છે

ઇસ્લામાબાદ,

નવીદિલ્હીમાં પોતાના રાજદ્વારી સ્ટાફને સતત પરેશાન કરવાનો આરોપ લગાવતા પાકિસ્તાને ગુરૂવારે ભારતમાં પોતાના હાઇકમિશ્નર સુહેલ મહમુદને ચર્ચા વિચારણા કરવા માટે બોલાવવાનો નિર્ણય કર્યો છે.વિદેશ કાર્યાલયના પ્રવકતા મોહમ્મદ ફૈસલે કહ્યું કે ભારત સરકાર પાકિસ્તાની રાજદ્વારી, તેમના પરિવાર અને તેના સ્ટાફને ગુપ્ત એજન્સીઓ દ્વારા ધમકાવવાની વધતી ઘટનાઓને ધ્યાનમાં લેવામાં નિષ્ફળ રહી છે. તેમણે કહ્યું કે નવીદિલ્હીમાં પોતાના હાઇકમિશ્નરને ચર્ચા વિચારણા કરવા માટે ઇસ્લામાબાદ આવવા માટે કહ્યું છે.

વિદેશ મંત્રાલયે મંગળવારે ભારતના ઉપ ઉચ્ચાયુકત જે પી સિંહને નવીદિલ્હીમાં પોતાના અધિકારીઓ અને તેમના પરિવારને પરેશાન કરવાના આરોપ પર બોલાવ્યા હતાં વિદેશ મંત્રાલયે દાવો કર્યો હતો કે તાજેતરના અઠવાડીયામાં સ્ટાફ અને તેનો પરિવાર ભારતીય એજન્સીઓના ઉત્પીડન ધમકી અને સ્પષ્ટ હિંસાનો સામનો કરી રહ્યા છે.

વિદેશ કાર્યાલયના પ્રવકતા મોહમ્મદ ફૈસલે આરોપ લગાવ્યો હતો કે જાણી જોઇને પરેશાન કરવાની કોઇ એક ઘટના સુધી સીમિત નથી અને આ ભારતીય ઉચ્ચાયોગમાં અને ભારતીય વિદેશ મંત્રાલયમાં ઉચ્ચસ્તર પર વારંવાર ઔપચારિક વિરોધ દાખલ કરવા છતાં આ સતત જારી છે.તેમણે કહ્યું કે પાકિસ્તાનના ઉચ્ચાયુકતે વિદેશ મંત્રાલયની સાથે તસવીર સંયુકત કરી છે અને તે વ્યક્તિઓની ઓળખ કરી છે જેમણે અધિકારીઓને જબરજસ્તી રોકયા અને તસવીરો લીધી પરંતુ દુખદ છે કે ભારત તરફથી અત્યાર સુધી કોઇ સકારાત્મક કાર્યવાહી કરવામાં આવશે નહીં.

મોહમ્મદ ફૈસલે કહ્યું કે આ નિંદનીય ઘટનાઓને રોકવામાં ભારત સરકાર પુરી રીતે ઉદાસીન અને નિષ્ફળ છે જેમાં બાળકોને પણ છોડવામાં આવ્યા નથી આ ઘટનાઓ સંકેત આપે છે કે ભારતમાં ત્યાં તહેનાત વિદેશી રાજદ્વારીઓની રક્ષા કરવાની ક્ષમતામાં કમી આવી હોય અથવા આમ કરવા માંગતા નથી તેમણે કહ્યું કે વિએના કન્વેંશન હેઠળ પાકિસ્તાની રાજદ્વારી અને તેમના પરિવારોની સુરક્ષાની જવાબદારી ભારત સરકારની છે.

પાકિસ્તાનના વિદેશ કાર્યાલયના પ્રવકતાએ દાવો કર્યો કે નવા મામલામાં ભારતીય અધિકારીઓએ ઉપ ઉચ્ચાયુકતની કારને ૪૦ મિનિટ સુધી રોકી રાખી અને ગાડીમાં સવાર લોકોને પરેશાન કરવામાં આવ્યા.

ફૈસલે કહ્યું કે પાકિસ્તાન ભારતમાં પોતાના ઉચ્ચાયોગના સ્ટાફની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે કોઇ પણ હદ સુધી જઇ શ કે છે.તેમણે કહ્યું કે ભારતે પોતાની ચુંટણી રાજનીતિમાં પાકિસ્તાનને ઘસીટવું જોઇએ નહીં.ફૈસલે કહ્યું કે પાકિસ્તાન ક્ષેત્રમાં અમન ઇચ્છે છે અને હથિયારોની દોડની વિરૂધ્ધ છે.

પાકિસ્તાનનો આરોપ એકદમ ઉલટ છે. હકીકતમાં તો પાકિસ્તાનમાં ભારતીય ઉચ્ચાયોગને ખુબ પરેશાનીનો સામનો કરવો પડી રહ્યો છે ગત એક અઠવાડીયામાં આ સ્થિતિ વધુ બગડી છે પરંતુ ભારતીય રાજદ્વારીએ મીડિયાની સામે આ મામલાનો ખુલાસો કર્યો ન હતો.

છેલ્લા એક અઠવાડીયાથી ભારત અને પાકિસ્તાન વચ્ચે કુટનીતિક વિવાદ ચાલુ છે. ભારતના રાજદ્વારીને પાકિસ્તાનમાં પરેશાન કરવાના અહેવાલો આવતા રહે છે પરંતુ મામલો વધવા પર ભારત સરકારે આ મામલાને પાકિસ્તાન સરકારની સામે ઉઠાવ્યો હતો.ઇસ્લામાબાદમાં ભારતીય રાજદ્વારીના કર્મચારીઓને પરેશાન કરવાની વાત સામાન્ય થઇ ગઇ છે. આક્રમક નિગરાની ખતરનાક પધ્ધતિથી અધિકારીઓનો પીછો હંમેશા મુદ્દો રહ્યો છે. એજન્સીઓના લોકો અધિકારીઓની વિડિયોગ્રાફી કરતા રહે છે.ફોનને ચહેરાની નજીક સુધી લાવવામાં આવે છે અશ્લિલ ફોન કોલ અને સંદેશ ફોન પર સતત મળી રહ્યાં છે.

આ રીતના વાતાવરણને કારણે મોટાભાગના પરિવાર ભારત પાછા ફર્યા છે અને સ્કુલોમાંથી બાળકોને હટાવી લીધા છે. ભારતે પાકિસ્તાનને વારંવાર વિનંતી કરી છે કે ઉચ્ચાયોગોને એવું વાતાવરણ આપવામાં આવે જે ભય અને ધમકીથી મુકત હોય.

જો કે ભારતમાં સત્તાવાર સુત્રો ઇસ્લામાબાદ દ્વારા ભારતથી પાકિસ્તાનના રાજદ્વારીના પરિવારજનોને પાછા બોલાવવા સંબંધી અહેવાલોની પુષ્ટી કરી નથી સુત્રોનું કહેવું છે કે ભારત ઇસ્લામાબાદના આરોપોની તપાસ કરશે તેમણે કહ્યું કે ઉલ્ટું ભારતીય રાજદ્વારી અને તેમના પરિવારજનોને પાકિસ્તાની અધિકારીઓ દ્વારા સતત પરેશાન કરવામાં આવે છે. ૧૬મી ફેબ્રુઆરી ભારતના ઉચ્ચાયુકત પાકિસ્તાનના વિદેશ સચિવને મળ્યા હતાં અને તે ભારતીય સંપત્તિઓ અને કર્મચારીઓની વિરૂધ્ધ હુડદંગની અનેક ઘટનાઓ પર વિરોધ વ્યકત કરવામાં માંગતી હતા. ઇસ્લામાબાદમાં ભારતના રેડિડેંશલ કોમ્પ્લેકસમાં પાકિસ્તાની એજન્સીઓએ દરોડા પાડયા હ તાં. પાણી અને વિજળીના કનેકશન કાપી દેવામાં આવ્યા હતાં. વિદેશ સચિવના આશ્વાસન બાદ બે અઠવાડીયા સુધી બહાલ થયું નહીં.

મધ્યપ્રદેશ-રાજસ્થાનમાં ખેડૂતો માટે અનેક યોજના ટૂંકમાં જાહેર

નવીદિલ્હી,

મહારાષ્ટ્રમાં હાલમાં જ ખેડૂતોએ મહાકાય દેખાવો અને ધરણા પ્રદર્શન કર્યા બાદ આ બાબતની ગંભીર નોંધ રાજસ્થાન અને મધ્યપ્રદેશ દ્વારા પણ લેવામાં આવી ચુકી છે. બંને રાજ્ય સરકારોએ પહેલાથી જ ખેડૂત સંસ્થાઓ અને ખેડૂતોના પ્રતિનિધિઓ સાથે વાતચીત શરૂ કરી દીધી છે. વાતચીતના અનેક રાઉન્ડ યોજાઇ પણ ચુક્યા છે. ખેડૂતોની સમસ્યા તરફ ગંભીરતાપૂર્વક ધ્યાન આપવામાં આવી રહ્યું છે. ખેડૂત કલ્યાણલક્ષી યોજનાઓને અમલી બનાવવા માટે ભાજપ શાસિત રાજ્યોએ જોરદાર તૈયારી કરી લીધી છે. ભાજપ શાસિત આ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીને પણ વધારે સમય રહ્યો નથી ત્યારે ખેડૂત સમુદાયને સંતુષ્ટ કરવા માટે બંને સરકારોએ કમરકસી લીધી છે. મોટી સ્કીમો ખેડૂતો માટેની ટૂંક સમયમાં જ જાહેર કરવામાં આવી શકે છે. મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણ અને રાજસ્થાનના મુખ્યમંત્રી વસુંધરા રાજેએ હાલમાં જ મહત્વપૂર્ણ બેઠકો યોજી હતી અને ખેડૂતો માટે શ્રેણીબદ્ધ નવા પગલા જાહેર કરવાની તૈયારી કરી લેવામાં આવી છે. ખેડૂતો માટે પગલાઓની જાહેરાત ટૂંક સમયમાં જ કરવામાં આવી શકે છે.

એક બાજુ વસુંધરા રાજેએ કૃષિની પરિસ્થિતિને લઇને દરરોજ માહિતી આપવા માટે પોતાના અધિકારીઓને સૂચના આપી છે. તેમના વિશ્વાસપાત્ર અધિકારીઓને આગામી થોડાક મહિનામાં વધુ નક્કર જવાબદારી સોંપવામાં આવનાર છે. બીજી બાજુ શિવરાજસિંહ ચૌહાણ કપાસ માટે ભાવાંતર સ્કીમને લંબાવવા માટેની યોજના ધરાવે છે. મધ્યપ્રદેશ ખેડૂતલક્ષી કલ્યાણ યોજનાઓમાં મોટા ફેરફાર કરીને ખેડૂતોને વધુ લાભ આપવા માટે ઇચ્છુક છે.

મહારાષ્ટ્રમાં હાલમાં જ મોટી સંખ્યામાં ખેડૂતો વાણિજ્ય પાટનગર મુંબઇ પહોંચ્યા હતા અને દેખાવો કરવામાં આવ્યા હતા. ત્યારબાદ મહારાષ્ટ્ર સરકાર મોટાભાગની ખેડૂતોની માંગ સ્વીકારી ચુકી છે. મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં આ વર્ષે જ મોડેથી વિધાનસભાની ચૂંટણી યોજાનાર છે. ખેડૂત કલ્યાણ યોજનાઓને વહેલીતકે અમલી કરવા માટે કમરકસી લેવામાં આવી છે. બંને મુખ્યમંત્રીઓએ ગંભીરતાપૂર્વક નોંધ લીધી છે. છેલ્લા એક વર્ષના ગાળામાં રાજસ્થાનની અંદર અનેક જગ્યાઓએ ખેડૂતો દેખાવો કરી ચુક્યા છે.

ગયા વર્ષે સપ્ટેમ્બર મહિનામાં જયપુરથી ૧૦૦ કિલોમીટરના અંતરે શીકરમાં ખેડૂતો એકત્રિત થયા હતા.મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણ ભાવાંતર સ્કીમનો લંબાવવાની યોજના ધરાવે છે. ખેડૂતોની સ્થિતિના સંદર્ભમાં માહિતી મેળવવા અને સર્વે કરવા એક કમિટિની રચના કરવામાં આવી છે જે એપ્રિલ સુધી મુખ્યમંત્રીને અહેવાલ સુપરત કરનાર છે. મધ્યપ્રદેશમાં પ્રિન્સિપલ સેક્રેટરી રાજેશ રાજૌરાનું કહેવું છે કે, સરકાર આગામી મહિનાઓમાં વધુ ખેડૂતલક્ષી યોજનાઓ રજૂ કરવા માટે તૈયાર છે. મુખ્યમંત્રીને ખેડૂતોની સ્થિતિ અંગે દરસપ્તાહમાં માહિતી આપવામાં આવી રહી છે.

ખેડૂતોની તમામ તકલીફ દૂર કરવા માટે શિવરાજસિંહ ચૌહાણ અને વસુંધરાની ખેડૂત પ્રતિનિધિઓ, સંસ્થાઓ સાથે બેઠકોનો દોર : અધિકારીઓને દોડાવાયા

હવે ૯૧ ડિફોલ્ટર્સના દેશ છોડવા પર બ્રેકની તૈયારી

નવી દિલ્હી,

ભારે ભરખમ લોન લઇને વિજય માલ્યા, નિરવ મોદી અને મેહુલ ચોક્સી જેવા લોકો દેશમાંથી ફરાર થઇ ગયા હતા. આવા લોકોની સંખ્યા હવે ન વધે તે માટે સરકાર દ્વારા જરૂરી પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. સરકારે લોન ડિફોલ્ટર્સ કંપનીઓની વિસ્તૃત યાદી તૈયાર કરી લીધી છે. આમા સામેલ થયેલા લોકોને દેશ છોડવા ઉપર બ્રેક મુકવામાં આવી શકે છે. બ્લુમબર્ગ દ્વારા પોતાના રિપોર્ટમાં આ મામલાની માહિતી ધરાવનાર લોકોને ટાંકીને જણાવવામાં આવ્યું છે કે, આમાથી એવા ૯૧ ડિરેક્ટર્સ અને માલિકોનો ઉલ્લેખ છે જે ક્ષમતા હોવા છતાં જાણી જોઇને દેવાની રકમ ચુકવી રહ્યા છે. આશરે ૪૦૦ કંપનીઓની ઓળખ વિલફુલ ડિફોલ્ટર્સ તરીકે કરવામાં આવી છે.

અપરાધ કરનાર વિદેશ ન ભાગી શકે તેની તૈયારી : લોન ડિફોલ્ટર્સ કંપનીઓ સાથે જોડાયેલા લોકોની યાદી તૈયાર કરાઇ

દેશની બીજી સૌથી મોટી સરકારી બેંક પંજાબ નેશનલ બેંકના ૧૩૦૦૦ કરોડ રૂપિયાના કૌભાંડના મુખ્ય આરોપી અબજોપતિ જ્વેલર નિરવ મોદી અને મેહુલ ચોકસી દેશમાંથી ફરાર થઇ ગયા બાદ મોદી સરકારની સામે લોકોમાં નારાજગી વધી રહી છે.

૯૦૦૦ કરોડ રૂપિયાનું દેવું કરીને ફરાર થઇ ગયેલા વિજય માલ્યાને પણ ફરી પકડીને લાવવામાં સફળતા હાથ લાગી નથી.

પીએનબી કૌભાંડ બાદ સરકારે આર્થિક અપરાધોને અંજામ આપી રહેલા અને ફરાર થઇ ગયેલા લોકોની સંપત્તિ જપ્ત કરવાની મંજુરી આપી દીધી છે. આમા એવી જોગવાઇ પણ કરવામાં આવી છે કે, ૧૦૦ કરોડથી વધુના આર્થિક અપરાધોમાં સામેલ રહેલા અપરાધીઓની સંપત્તિ તરત જપ્ત કરવામાં આવી શકે છે.

આ ઉપરાંત ૫૦ કરોડથી વધુના દેવા ધરાવતનારના પાસપોર્ટની વિગતો લેવા માટે આદેશ બેંકોને કરવામાં આવ્યા છે. આર્થિક અપરાધોમાં સામેલ રહેલા શખ્સો પર સકંજો મજબૂત કરાયો છે.

હવે પીએનબી બ્રેડી હાઉસ શાખામાં વધુ એક કૌભાંડ

નવી દિલ્હી,

પીએનબીની મુંબઇ સ્થિત બ્રેડી હાઉસ બ્રાંચમાં આશરે ૯.૯ કરોડ રૂપિયાનું વધુ એક કૌભાંડ સપાટી ઉપર આવતા ખળભળાટ મચી ગયો છે. આજ બ્રાંચમાં નવો મામલો સપાટી ઉપર આવતા તપાસ હાથ ધરવામાં આવી છે. આ બ્રાંચમાં નિરવ મોદીની કંપનીઓને એલઓયુ જારી કરવામાં આવ્યા હતા. આ મામલામાં સીબીઆઇ સમક્ષ ફરિયાદ કરવામાં આવી ચુકી છે. પંજાબ નેશનલ બેંકમાં વધુ એક કૌભાંડ સપાટી ઉપર આવતા કારોબારીઓ અને રોકાણકારોમાં દહેશત ફેલાઇ ગઇ છે. પીએનબીએ પોતાની મુંબઇની એજ શાખાથી આશરે ૯.૯ કરોડ રૂપિયાની છેતરપિંડી અંગે માહિતી મેળવી છે. અહીંથી નિરવ મોદી અને મેહુલ ચોક્સીએ જંગી ચુનો લગાવ્યો હતો. બેંકે આની ફરિયાદ પોલીસમાં નોંધાવી દીધી છે. સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટીગેશનની વેબસાઇટ ઉપર પ્રકાશિત ફરિયાદ મુજબ નવા કેસમાં ચાંદરી પેપર એન્ડ એલાયડ પ્રોડક્ટ પ્રાઇવેટ લિમિટેડના અધિકારીઓની મિલીભગત સપાટી ઉપર આવી છે. ૧૪મી ફેબ્રુઆરીના દિવસે પીએનબીની મુંબઇ સ્થિત બ્રેડી હાઉસ શાખાના કેટલાક અધિકારીઓની મિલીભગતથી જારી કરવામાં આવેલા બોગસ લેટર ઓફ અન્ડરસ્ટેન્ડિંગ મારફતે ૧૧૨૦૦ કરોડ રૂપિયાનો બેંક ફ્રોડનો મામલો સપાટી ઉપર આવ્યો હતો જેથી દેશભરમાં ખળભળાટ મચી ગયો હતો. આ માહિતી પીએનબી તરફથી શેરબજારને આપવામાં આવી હતી. મોડેથી આ ફ્રોડનો આંકડો વધીને ૧૩૦૦૦ કરોડ રૂપિયા સુધી પહોંચી ગયો છે. આ મામલામાં ઇડી અને અન્ય તપાસ સંસ્થાઓ દ્વારા તપાસ કરાઇ રહી છે.

નવાજ શરીફના નિવાસની બહાર વિસ્ફોટથી આઠના મોત નિપજયાં

લાહૌર,

પાકિસ્તાનના લાહૌર શહેરમાં પૂર્વ વડાપ્રધાન નવાજ શરીફના નિવાસની નજીક એક શક્તિશાળી વિસ્ફોટ થયો હતો જેમાં ચાર પોલીસ કર્મચારીઓ સહિત આઠ લોકોના મોત નિપડયા હતાં. આ વિસ્ફોટ નવાજ શરીફના નિવાસથી માત્ર એક કિલોમીટરના અંતર પર એક પોલીસ ચોકીની નજીક થયો હતો. એ યાદ રહે કે વિસ્ફોટ સ્થળેથી થોડેક દુર તબલીગી જમાતનો એક કાર્યક્રમ હતો.

રેસ્કયુ ૧૧૨૨ના પ્રવકતા જામ સજજાદના જણાવ્યા અનુસાર વિસ્ફોટમાં સાત લોકો માર્યા ગયા છે. કુલ ૨૦ લોકોને ઇજા થઇ છે. જેમાં સાત પોલીસ કર્મચારી છે. ચાર પોલીસ કર્મચારીઓની હાલત ગંભીર જણાવાઇ રહી છે.તેમણે કહ્યું કે ઇજા પામેલાઓને શરીફ મેડિકલ કોમ્પલેકસ અને નજીકની હોસ્પિટલોમાં લઇ જવામાં આવ્યા છે. લાહોરના પોલીસ કમિશ્નર ડો.હૈદર અશરફે પત્રકારોને જણાવ્યું હતું કે માર્યા ગ યેલા લોકોમાં ત્રણ પોલીસ કર્મચારી પણ સામેલ છે.તેમણે કહ્યું કે કેટલાક પોલીસ કર્મચારીઓની હાલત ગંભીર છે. તેણમે કહ્યું કે હજુ સ્પષ્ટ થયુ નથી કે આ આત્મધાતી વિસ્ફોટ હતો કે પ્લાન્ટેડ ડિવાઇસથી વિસ્ફોટ કરવામાં આવ્યો હતો પરંતુ વિસ્ફોટ એટલો શક્તિશાળી હતો કે તેનો અવાજ દુર દુર સુધી સંભળાયો હતો. હજુ કોઇ સંગઠને આ વિસ્ફોટની જવાબદારી લીધી નથી

એ યાદ રહે કે આ પહેલા પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન નવાજ શરીફ પર એક વ્યક્તિ દ્વારા ચંપ્પલ ફેંકવામાં આવ્યું હતું. ચંપ્પલ ફેંકનાર વ્યક્તિ જામિયા નીમિયાનો પૂર્વ છાત્ર છે અને કહેવાતી રીતે તહરીક એ લબ્બૈક અથવા રસુલ અલ્લાહનો સભ્ય કહેવાય છે. આ વ્યક્તિની પિટાઇ કરવામાં આવી હતી અને તેને પોલીસને હવાલે કરવામાં આવ્યા હતો.

ખાનગી ક્ષેત્ર કર્મીને ૨૦ લાખ ટેક્સ ફ્રીની ગ્રેજ્યુએટી મળશે

નવીદિલ્હી,

લોકસભામાં ગુરુવારના દિવસે પેમેન્ટ ઓફ ગ્રેજ્યુએટી સુધારા બિલ ૨૦૧૭નો લીલીઝંડી આપવામાં આવી હતી. આમા પ્રાઇવેટ સેક્ટર અને સરકાર હેઠળ જાહેર ક્ષેત્રના એકમો અથવા તો સ્વાયત્ત સંસ્થાઓના કર્મચારીઓના ગ્રેજ્યુએટીની મહત્તમ મર્યાદામાં વધારો થશે. જે કેન્દ્ર સરકારના કર્મચારીઓ મુજબ સીસીએસ (પેન્શન) નિયમ હેઠળ સામેલ નથી. ૨૦ લાખ સુધી ટેક્સ ફ્રી ગ્રજ્યુએટી પ્રાઇવેટ સેક્ટરના કર્મચારીઓને પણ મળી શકશે. લોકસભામાં આને મંજુરી આજે આપી દેવામાં આવી હતી. બીજી બાજુ આંધ્રપ્રદેશને ખાસ રાજ્યનો દરજ્જો આપવાને લઇને ભારે ધાંધલ ધમાલ જારી રહી હતી. અન્ય મુદ્દાઓને લઇને પણ ધાંધલ ધમાલ થઇ હતી. ધાંધલ ધમાલ વચ્ચે ગૃહએ આ બિલને લીલીઝંડી આપી હતી. આ હેઠળ કેન્દ્ર સરકારમાં સતત સેવામાં સામેલ રહેલી મહિલા કર્મચારીઓને વર્તમાન ૧૨ સપ્તાહની જગ્યાએ મેટરનીટી લીવની અરજી ૨૬ સપ્તાહની કરવાની બાબતનો પણ સમાવેશ થાય છે. લોકસભામાં શ્રમપ્રધાન સંતોષકુમાર ગંગવારે પેમેન્ટ ઓફ ગ્રેજ્યુએટી સુધારા બિલ ૨૦૧૭ને પસાર કરવા માટે રજૂ કર્યુ હતું.

અત્રે નોંધનીય છે કે, હાલમાં ૧૦ અથવા તો તેનાથી વધુ લોકોને નિયોજિત કરનાર એકમો માટે પેમેન્ટ ઓફ ગ્રેજ્યુએટી બિલ ૧૯૭૨ અમલી છે. જે હેઠળ કારખાના, ખાણ, તેલ ક્ષેત્રો, રેલવે કંપનીઓ, દુકાનો અને અન્ય પેઢીઓમાં લાગેલા કર્મચારીઓ સામેલ છે.

૨૬ સુધી ઇડી કાર્તિની ધરપકડ કરી શકશે નહીં

નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટે આઇએનએક્સ કેસમાં કાર્તિ ચિદમ્બરમને વચગાળાની રાહત આપી હતી. ૨૬મી માર્ચ સુધી એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ હવે તેમની ધરપકડ કરી શકશે નહીં. સુપ્રીમ કોર્ટનો આદેશ એવા સમયે આવ્યો છે જયારે હાઇકોર્ટે ૨૦મી માર્ચથી ૨૨મી માર્ચ દરમિયાન ઇડી કેસમાં ધરપકડથી કાર્તિના રક્ષણને લંબાવી દેવાનો આદેશ કર્યો હતો. સુપ્રીમ કોર્ટે હાઇકોર્ટ દ્વારા મંજુર કરવામાં આવેલી વચગાળાની રાહતને ૨૬મી માર્ચ સુધી લંબાવી હતી. સુપ્રીમ કોર્ટે દિલ્હી હાઇકોર્ટ સમક્ષ પેન્ડિંગ રહેલા આ મામલાને તેની પાસે ટ્રાન્સફર કર્યો છે. દેશમાં હાઇકોર્ટના કેટલાક ચુકાદા વિરોધાભાષી આવી રહ્યા છે.

આ બાબતની નોંધ લઇને આ નિર્ણય લેવાયો છે. ચીફ જસ્ટિસ દિપક મિશ્રા અને જસ્ટિસ એએમ ખાનવીલકર તેમજ ડીવાય ચંદ્રચુડની બનેલી બેંચે કહ્યું હતું કે, તે ૨૬મી માર્ચના દિવસે આ મામલામાં સુનાવણી હાથ ધરશે. ટોપની અદાલત પીએમએલએની કલમ ૧૯ના સંદર્ભમાં પ્રશ્નોના જવાબ મેળવશે. અગાઉ ૯મી માર્ચના દિવસે દિલ્હી હાઇકોર્ટે કાર્તિ ચિદમ્બરમને ઇડીના મની લોન્ડરિંગ મામલામાં ૨૦મી માર્ચ સુધી ધરપકડથી વચગાળાની રાહત આપી હતી. હવે આ રાહતને ૨૬મી માર્ચ સુધી વધારી દેવામાં આવી છે. આનો મતલબ એ થયો કે, મની લોન્ડરિંગ કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ કાર્તિ ચિદમ્બરમની ૨૬મી માર્ચ સુધી ધરપકડ કરી શકશે નહીં. કાર્તિ ઉપર આઇએનએક્સ મિડિયા કેસમાં લાંચ લેવાનો આરોપ છે. તેમના ઉપર સહકાર નહીં આપવાનો પણ આક્ષેપ છે. ગયા વર્ષે ૧૫મી મેના દિવસે દાખલ કરવામાં આવેલી એફઆઇઆરના સંબંધમાં બ્રિટનમાંથી પરત ફર્યા બાદ ચેન્નાઇ વિમાની મથક ખાતે ૨૮મી ફેબ્રુઆરીના દિવસે કાર્તિ ચિદમ્બરમની ધરપકડ કરવામાં આવી હતી. ફોરેન ઇન્વેસ્ટમેન્ટ પ્રમોશન બોર્ડમાં ગેરરીતિને લઇને એફઆઇઆર દાખલ કરવામાં આવી હતી.

મંદીનો દોર જારી : સેંસેક્સમાં વધુ ૧૫૦ પોઇન્ટનો નોંધાયેલો ઘટાડો

મુંબઇ,

શેરબજારમાં આજે મંદીનો દોર યથાવતરીતે જારી રહ્યો હતો. ફાઇનાન્સિયલ શેરોમાં મંદી યથાવત રહી હતી. યુરિયા માટે સરકારી સબસિડી ચાલુ રાખવામાં આવ્યા બાદ ખાતરોના શેરમાં ઉછાળો નોંધાયો હતો. બીએસઇ સેંસેક્સ આજે ૧૫૦ પોઇન્ટ ઘટીને ૩૩૬૮૬ની નીચી સપાટીએ રહ્યો હતો જ્યારે બ્રોડર નિફ્ટી ૫૧ પોઇનટ ઘટીને ૧૦૩૬૦ની નીચી સપાટીએ રહ્યો હતો. વૈશ્વિક સ્તર પર શેરબજારમાં અફડાતફડીનો દોર રહ્યો હતો. આજે દિવસ દરમિયાન અનેક શેરમાં તેજી અને કેટલાક શેરમાં અફડાતફડીનો દોર રહ્યો હતો. બુધવારના દિવસે કારોબારના અંતે બીએસઇ સેંસેક્સ ૨૧ પોઇન્ટ ઘટીને ૩૩૮૩૬ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૧૬ પોઇન્ટ ઘટીને ૧૦૪૧૧ની સપાટીએ રહ્યો હતો. આરબીઆઇએ મંગળવારના દિવસે બેંકોને લેટર્સઓફ અંડરટેકિંગના સ્વરુપમાં ગેરન્ટી જારી કરવાથી અટકાવવાનો આદેશ જારી કર્યો હતો. સોમવારના દિવસે રિટેલ ફુગાવો અથવા તો કન્ઝ્યુમર પ્રાઇઝ ઇન્ડેક્સ ઉપર આધારિત ફુગાવાના આંકડા જારી કરવામાં આવ્યા હતા. રિટેલ ફુગાવો ઘટીને ચાર મહિનાની નીચી સપાટીએ પહોંચ્યો હતો. રિટેલ ફુગાવો ૪.૪૪ ટકાની નીચી સપાટીએ પહોંચી ગયો હતો.

હોલસેલ આધારિત ફુગાવાનો આંકડો ગઇકાલે બુધવારના દિવસે જારી કરવામાં આવ્યો હતો જે ફેબ્રુઆરી મહિનામાં ૨.૪૮ ટકા રહ્યો છે. હોલસેલ ઇંડા, માંસ અને ફિશના ફુગાવામાં ઘટાડો થયો છે. આ ફુગાવો ૦.૩૭ ટકાની સામે માઇનસ ૦.૨૨ ટકા રહ્યો છે. સતત ત્રીજા મહિને ફુગાવામાં ઘટાડો થયો છે. ડબલ્યુપીઆઇ આધારિત ફુગાવો જાન્યુઆરી મહિનામાં ૨.૮૪ ટકાની છ મહિનાની નીચી સપાટીએ રહ્યો હતો.ડબલ્યુપીઆઇ ફુગાવો ખાદ્યાન્ન ચીજવસ્તુઓના ભાવ નીચા રહેવાથી ૨.૮૪ ટકા રહ્યો હતો જે છ મહિનાની નીચી સપાટી છે.

પથરીની સારવાર
ઓપરેશન વગર
લીથોટ્રીપ્સી દ્વારા
સમગ્ર ગુજરાતમાં સૌથી ઓછા દરે
પારંગત-પારદર્શક-વિશ્વસનીય સારવાર
પરિમલ હોસ્પિટલ (Estd.-1982)
પુનીતમાર્ગ, ઝઘડીયા બ્રિજ પાસે, મણિનગર, અમદાવાદ-૮.
Ph: 84600 65008, 98240 19394

આયુર્વેદિક ઉપચાર
૧૨ વર્ષથી જુના અને જાણીતા
લકવો
વાઇ, વા, વાંકુ મોઢુ, ચીકનગુનીયા
હાથપગ અકડેલા તથા મુકન મુઠી કંપારી
ડૉ. ખાન EPIC CLINIC એપીક કલીનીક, ડી-૩, સિલીકોન સિટી, BoB ATM પાસે સૈયદ વાડી, વટવા, અમદાવાદ.
07737401314, 09784292802
સમય : ૧૦ થી ૨ ૬ થી ૯

સમર વેકેશન ફેમીલી/કપલ પેકેજ
જીરાવાલા ® ટુરીઝમ
કાશ્મીર શ્રીનગર વૈષ્ણોદેવી | સિમલા મનાલી ડેલહાઉસી | હરદ્વાર આગ્રા મથુરા
ચારધામ યાત્રા ગંગોત્રી-યમનોત્રી બદ્રીનાથ-કેદારનાથ
સપ્ત જ્યોર્તીલીંગ દ.ભારત રામેશ્વર કન્યાકુમારી | ગોવા મહાબળેશ્વર લોનાવાલા | હૈદરાબાદ, તીરૂપતી ઉટી મૈસુર
BY AIR / RAIL / BUS / INDIVIDUAL PACKAGE
Kerala - Darjiling - Nainital
હાઇટેક બિલ્ડીંગ, મ્યુઝીયમની સામે, દિવાન બલ્લુભાઇ સ્કુલની પાસે, પાલડી, અમદાવાદ. Ph No 26587922/ M. 9375777333, 9426755909
એફ/૪૧, પુજન કોમ્પ્લેક્ષ રાજહંસ સિનેમા પાસે, શુકન ચાર રસ્તા પાસે, નિકોલ. 9409625111- 9408777333

ન્યુ લાઇફ કેન્સર કેર™
NEW LIFE CANCER CARE
ઓપરેશન વગર સારવાર
મોં, જીભ, ગળું, સ્વરપેટી, અન્નનળીની ગાંઠ, ચાંદી, આંતરડા, ફેફસા અને લીવરની ગાંઠ, છાતી અને શરીરમાં કોઇ પણ પ્રકારની ગાંઠ બિમારી સાચું માર્ગદર્શન અને સારી સારવાર આપવામાં આવશે
મારૂં નામ દાનીશ અન્સારી છે. અમદાવાદમાં આવેલ વટવા વિસ્તારનો રહેવાસી છું. મારા જડબાની ડાઢમાં મોટી ગાંઠ થઇ હતી. તે સંદર્ભે મે બે ડોકટરને બતાવ્યું બન્નેએ મને ઓપરેશન કરવાની સલાહ આપી હતી. પછી મારા એક મિત્રએ ન્યુ લાઇફ કેન્સર કેર માં મુલાકાત લેવાની સલાહ આપી. મુલાકાત લીધા પછી અને ડાં. શ્રી રહેમાન મેવ જોડે ત્રણ મહિના સારવાર લીધા પછી મારી ગાંઠ સંપૂર્ણ મટી ગઇ. હું એક સામાન્ય અને સ્વસ્થ જીંદગી જીવી રહ્યો છું. હું દરેકને સલાહ આપીશ કે ઓપરેશન પહેલા એક વાર જરૂરથી ન્યુ લાઇન કેન્સર કેર, ડાં. શ્રી રહેમાન મેવની મુલાકાત લો.
દાનીશ અન્સારી- 9106079681
ફોન કરીને અપોઇમેન્ટ લઇને આવવું
G-5 કલીફ્ટનપાર્ક, એસ.ટી.-ગીતા મંદિર રોડ, સ્વામીનારાયણ કોલેજ પાછળ, શાહેઆલમ ટોલનાકા અમદાવાદ.
સમયઃ- સવારે ૧૦ થી ૫ વાગ્યા સુધી રવિવારે ચાલુ
સંપર્ક 9824352227 9927273084

PATEL EXPRESS COURIER
વ્યાજબી ભાવે વિદેશ પાર્સલ સેવા
ઝડપી અને સલામતી સેવા
ડોલરીયા દેશમાંથી માલ મંગાવો અને મોકલો
અમેરીકા, કેનેડા, ઓસ્ટ્રેલીયા, લંડન, યુરોપ, આફ્રીકા, મેડાલીસ્ટ
૭-૮-૯ મોતીલાલ સેન્ટર, સેલ્સ ઇન્ડીયા પાસે, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯,
ફોન નં.૨૭૫૪૫૧૫૪/૨૭૫૪૦૧૩૩, મો.૯૮૨૫૨ ૫૬૭૧૭

An ISO 9001 Cortified Co. ®
HITESH
IS : 8472 CM/L-7318773
Pumps
Mini mononoblock
Sub. Openwell
જીગર એન્ટરપ્રાઇઝ
કડીયાકુઇ, રીલીફ રોડ, અમદાવાદ.
ફોન : ૨૨૧૩૪૬૧૯, ૨૨૧૩૬૩૬૦

વેસ્ટર્ન ટાઇમ્સ

અમદાવાદશહેરનાબહેરામપુરાઅનેદાણીલીમડાવિસ્તારસહિતનાજુદાજુદાક્ષેત્રોમાંપીવાનાપાણીનીતકલીફ ઉભી થઇ ગઇ છે. આને લઇને એએમસી હેડઓફિસ પર દેખાવો કરાયા હતા. (તસવીર : જયેશ મોદી)

રાજયસભા ચૂંટણી બિનહરીફ થશે

કિરીટસિંહ રાણા અને વાલેરાએ ફોર્મ પાછુ ખેંચ્યું : ભાજપ તરફથી પરસોત્તમ રૂપાલા અને મનસુખ માંડવીયા અને કોંગ્રેસ તરફથી અમીબહેન, રાઠવા રાજયસભામાં પહોંચશે

અમદાવાદ,

ગુજરાતમાં રાજયસભાની ચાર બેઠકો હવે બિનહરીફ જાહેર થાય તેવી સ્થિતિ સર્જાઇ છે. ભાજપના ત્રીજા ઉમેદવાર કિરીટસિંહ રાણા અને કોંગ્રેસ સમર્થિત અપક્ષ ઉમેદવાર પી.કે.વાલેરાએ આજે પોતપોતાનું ઉમેદવારી ફોર્મ ભરતાં હવે ચાર બેઠકો માટે ચાર ઉમેદવારો જ ચિત્રમાં રહેતા રાજયસભાની ચૂંટણી બિનહરીફ જાહેર થશે. આમ, ભારે ઉત્તેજના અને વાદ-વિવાદ બાદ ઘી ના ઠામમાં ઘી ઢળ્યું છે અને રાજયસભાના ચારેય ઉમેદવારો બિનહરીફ જાહેર થશે. ભાજપ તરફથી પરસોત્તમ રૂપાલા અને મનસુખ માંડવીયા તો, કોંગ્રેસમાંથી અમીબહેન યાજ્ઞિક અને નારણસિંહ રાઠવા રાજયસભામાં જશે.રાજયસભાની ચૂંટણી માટે ઉમેદવારી ફોર્મ ભરવાના છેલ્લા દિવસે ભાજપ તરફથી પરસોત્તમ રૂપાલા અને મનસુખ માંડવીયાએ રાજયસભાની ચૂંટણી માટેનું ફોર્મ ભર્યું હતું. ભાજપ દ્વારા કેન્દ્રીય નાણાંમંત્રી અરૂણ જેટલીને ગુજરાત બહારથી ઉમેદવારી કરાવીને ગુજરાત ભાજપના બે નેતાઓ મનસુખ માંડવીયા અને પરસોત્તમ રૂપાલાને યથાવત્‌ રખાયા હતા. બીજીબાજુ, કોંગ્રેસે ભારે સસ્પેન્સ વચ્ચે છેલ્લી ઘડીયે રાજયસભાના પોતાના ઉમેદવારો જાહેર કર્યા હતા.

જેમાં કોંગ્રેસ તરફથી ભારે વિવાદ અને વિખવાદ વચ્ચે જાણીતા મહિલા ધારાશાસ્ત્રી અને કોંગ્રેસના લીગલ સેલના મહિલા ચેરપર્સન અમીબહેન યાજ્ઞિક અને નારણ રાઠવાએ વિધિવત્‌ ફોર્મ ભર્યા હતા. દસ્તાવેજોના કારણે થયેલા ભારે વિલંબ અને વિવાદ બાદ નારણ રાઠવાએ છેલ્લી ઘડીયે પોતાનું ફોર્મ ભર્યું હતું.

કોંગ્રેસ દ્વારા અમીબહેન યાજ્ઞિકને રાજયસભાની ચૂંટણી માટે મેન્ડેટ અપાતાં કોંગ્રેસની મહિલા પાંખમાં ઉગ્ર આક્રોશ ફેલાયો હતો અને મહિલા કોંગ્રેસના પ્રમુખ સોનલબહેન પટેલે તાત્કાલિક પોતાના હોદ્દા પરથી રાજીનામું ધરી દીધુ હતું, જેને લઈ ભારે કોંગ્રેસ પક્ષમાં ભારે ઉત્તેજના અને ઘમાસાણના દ્રશ્યો જોવા મળ્યા હતા. ચાર બેઠકો માટે ચાર ફોર્મ ભરાતાં આ વખતે ચૂંટણી નહી થાય તેવી અટકળો તેજ બની હતી પરંતુ ભારે આશ્ચર્ય વચ્ચે ભાજપ દ્વારા છેલ્લી ઘડીયે પોતાના વધુ એક ઉમેદવાર કિરીટસિંહ રાણાને ફોર્મ ભરાવડાવ્યું હતું તો, કોંગ્રેસે પણ ભાજપની ચાલને ઉંધી વાળવા પક્ષના વરિષ્ઠ નેતા પી.કે.વાલેરાને અપક્ષ તરીકે રાજયસભાની ચૂંટણી માટે ફોર્મ ભરાવ્યું હતું.

રાજયસભાની ચાર બેઠકો માટે ગુજરાતમાંથી ભાજપ અને કોંગ્રેસના ત્રણ-ત્રણ ઉમેદવારોએ ફોર્મ ભર્યા બાદ ભારે ઉત્તેજના અને વિવાદ-વાંધાઓ વચ્ચે ફોર્મ ચકાસણીની પ્રક્રિયા પૂર્ણ થઈ હતી અને ભાજપ તેમ જ કોંગ્રેસના બંને પક્ષના ઉમેદવારોના ફોર્મ માન્ય ઠર્યા હતા. જો કે, અનેક અટકળો અને ઉત્તેજના વચ્ચે આજે ભાજપના ત્રીજા ઉમેદવાર કિરીટસિંહ રાણાએ પોતાનું ઉમેદવારી ફોર્મ પરત ખેંચી લીધુ હતુ, તો કોંગ્રેસ સમર્થિત અપક્ષ ઉમેદવાર પી.કે.વાલેરાએ પણ તેનું ફોર્મ પાછુ ખેંચ્યું હતું. આમ, હવે ચાર બેઠકો માટે ચાર ઉમદવારો રાજયસભાની ચૂંટણી જંગમાં રહેતાં ચૂંટણી આયોગ દ્વારા હવે રાજયસભાની ચૂંટણી હવે બિનહરીફ જાહેર કરવામાં આવશે.

કડીમાં ડીવાયએસપી મંજીતા વણઝારાની જીપ પર હુમલો

મારામારી-લૂંટના ગુનામાં આરોપીને તપાસ માટે લવાયા ત્યારે ટોળા દ્વારા વણઝારાની ગાડી પર પથ્થરમારો કરાયો

અમદાવાદ,

અમદાવાદ શહેર સહિત રાજયભરમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ દિન પ્રતિદિન કથળતી જાય છે. ગુનાખોરીનું પ્રમાણ વધવાની સાથે સાથે ગુનેગારો પણ એટલી હદે બેફામ અને ઝનુની બન્યા છે કે, હવે તો પોલીસ પર હુમલા અને મારામારીની ગંભીર ઘટનાઓ જાણે સામાન્ય બની છે. આજે કડીના કસ્બા વિસ્તારમાં આજે ડીવાયએસપી મંજીતા વણઝારા મારામારી અને લૂંટના ગુનાના આરોપીઓને તપાસ માટે લઈ ગયા હતા ત્યારે આ ગુનેગારોના સમર્થનમાં ઉમટી પડેલા સેંકડો લોકોએ જોરદાર હલ્લો મચાવ્યો હતો અને એક તબક્કે ડીવાયએસપી મંજીતા વણઝારાની ગાડી પર હુમલો અને પથ્થરમારો કર્યો હતો. જેમાં ડીવાયએસપી મંજીતા વણઝારાને ઈજા પહોંચી હતી અને તેમના હાથમાં ફ્રેકચર થયું હતું. તેમને તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ડીવાયએસપી પર ગુનેગાર તત્વો દ્વારા આ પ્રકારે જાહેરમાં હિંસક હુમલાની ઘટનાના રાજયમાં ઘેરા પ્રત્યાઘાત પડયા હતા, ખાસ કરીને પોલીસ બેડામાં ભારે ચકચાર મચી ગઈ હતી.

આ અંગે પ્રાપ્ત થતી માહિતી મુજબ, કડી તાલુકાના કસ્બા વિસ્તારમાં ડીવાયએસપી મંજીતા વણઝારા પોલીસ સ્ટાફના કાફલા સાથે મારામારી અને લૂંટના એક ગુનાની તપાસ અર્થે ગયા હતા અને આ ગુનામાં સંડોવણી ધરાવતાં આરોપીઓને તપાસના કામ માટે પોલીસમથક લઈ આવ્યા હતા. બીજીબાજુ, પોલીસ દ્વારા આરોપીઓને ઉઠાવાતાં નારાજ થયેલા આરોપીઓના પરિવારજનો, સગાવ્હાલા અને સમર્થક-ટેકેદારો ખૂબ મોટી સંખ્યામાં એકત્ર થઈ ગયા હતા અને પોલીસ વિરૂદ્ધ જોરદાર નારાજગી અને સૂત્રોચ્ચાર કરી જોરદાર હલ્લો-હોબાળો મચાવ્યો હતો. પોલીસે રોષે ભરાયેલા લોકોને શાંત પાડવાનો શાંતિપૂર્ણ પ્રયાસ કર્યો હતો પરંતુ ટોળાના માણસો ખૂબ ઉશ્કેરાયેલા અને આક્રોશમાં હતા. થોડીવારમાં તો વાત વણસી હતી અને અચાનક જ ટોળાના માણસો દ્વારા ડીવાયએસપી મંજીતા વણઝારાની જીપ પર જોરદાર પથ્થરમારો શરૂ કરી દેવાયો હતો અને જીવલેણ હુમલો બોલી દેવાયો હતો.

પથ્થરમારો અને હુમલાની ઘટના બાદ પોલીસ તરત જ હરકતમાં આવી ગઈ હતી અને જોરદાર લાઠીચાર્જ કરી પરિસ્થિતિ કાબૂમાં લીધી હતી. બીજીબાજુ, હુમલામાં ડીવાએસપી મંજીતા વણઝારાને ગંભીર ઈજા પહોંચી હતી., ખાસ કરીને તેમના હાથમાં ફ્રેકચર થયું હતું, તેથી તેમને તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પોલીસની જીપ લોખંડની જાળીઓથી સુરક્ષિત હોવાછતાં તોફાની ટોળાનો પથ્થરમારો એટલો જોરદાર હતો કે, ગાડીના કાચ તૂટી ગયા હતા. આ બનાવ અંગે પોલીસે તોફાની ટોળા વિરૂદ્ધ રાયોટીંગ સહિતનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી હતી.

બમ્પર ઉત્પાદનની લીધે ખાંડની કિંમતમાં જંગી ઘટાડો નોંધાયો

અમદાવાદ,

આ સિઝનમાં દેશભરમાં શેરડીના બમ્પર ઉત્પાદનના પરિણામ સ્વરુપે ખાંડની કિંમતોમાં ઉલ્લેખનીયરીતે ઘટાડો થઈ રહ્યો છે. ખાંડની કિંમતમાં ગયા વર્ષની સરખામણીમાં ગુજરાતમાં પ્રતિ ક્વિન્ટલ ૯૦૦ રૂપિયા સુધીનો ઘટાડો થઈ ચુક્યો છે અથવા તો આશરે ૨૩ ટકાનો ઘટાડો બમ્પર પાક વચ્ચે થયો છે. ખાંડની કિંમતમાં ઘટાડો થવાથી ખેડૂત સમુદાયમાં ચોક્કસપણે નિરાશા છે. સરકારના અંદાજ મુજબ ગુજરાતમાં શેરડીનું ઉત્પાદન ગયા વર્ષે ૭ લાખ ટનની સામે આ વર્ષે ૧૦ લાખ ટન સુધી રહેવાની સંભાવના છે. આ ખાંડ ગુજરાતમાં હોલસેલ માર્કેટમાં ગયા વર્ષે આ સિઝનમાં ૩૯૦૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલની સામે હાલમાં ૩૦૦૦-૩૫૦૦ના ભાવે વેચાઈ રહી છે. એટલે કે તેમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. દેશભરમાં આ વખતે ૪૩ ટકા વધારે શેરડીનું ઉત્પાદન થયું છે.

કિંમતોમાં હજુ પણ ઘટાડો થઈ શકે છે. કારણ કે, આગામી દિવસોમાં માંગની સામે ખાંડની સપ્લાયમાં વધુ વધારો થઈ શકે છે. બારડોલી સુગર કો-ઓપરેટીવના ચેરમેન પંકજ પટેલે એક અગ્રણી અંગ્રેજી અખબારને કહ્યું છે કે, આ વર્ષે શેરડીનું ઉત્પાદન ગયા વર્ષની સરખામણીમાં ખુબ વધારે રહ્યું છે. આ વર્ષે અમારી એકલાની પાસે૫૬૦૦૦એકરમાં શેરડી પાક છે. ગયા વર્ષે ખેડૂતને પ્રતિ ૧૦૦ કિલો ૩૯૫૪ રૂપિયાના રેટ મળ્યા હતા. જો કે, આ વર્ષે બમ્પર પાકના લીધે ૭૦૦ રૂપિયા ઓછા મળી શકે છે. સુરત જિલ્લાના સ્થાનિક ખેડૂતોનું કહેવું છે કે, પડોશી મહારાષ્ટ્ર અને ઉત્તરપ્રદેશમાંથી શેરડીનો જંગી જથ્થો આવી રહ્યો છે જ્યાં ૩૦૦૦ રૂપિયા પ્રતિ ૧૦૦ કિલોના ભાવે વેચાણ થઈ રહ્યું છે. ગયા વર્ષે સરકારે ખાંડ ઉપર ૧૦૦ ટકા આયાત ડ્યુટી લાગૂ કરી હતી.

કેશવાનમાંથી ૯૮ લાખની ચોરી કેસમાં બે આરોપીની ધરપકડ

ક્રાઇમબ્રાંચે યુપી પોલીસની મદદથી બેને ઝડપી અમદાવાદ લાવવા તજવીજ હાથ ધરી : લુંટમાં ત્રણથી વધુ આરોપીઓ

અમદાવાદ,

શહેરના એસજી હાઈવે પર રાજપથ કલબ પાસે ગયા મહિને સીએમએસ કંપનીની કેશવાનના ડ્રાઈવર દ્વારા કરાયેલી રૂ.૯૮ લાખની સનસનીખેજ ચોરીના ચકચારભર્યા પ્રકરણમાં લૂંટની ઘટનાના ૨૨ દિવસ બાદ આખરે શહેર ક્રાઈમબ્રાંચને મહત્વપૂર્ણ સફળતા મળી છે. શહેર ક્રાઈમબ્રાંચના અધિકારીઓએ ઉત્તરપ્રદેશ પોલીસની મદદથી બંને આરોપીઓને ઉત્તરપ્રદેશના વિસ્તારમાંથી આબાદ ઝડપી લીધા હતા. પોલીસે બંને આરોપીઓને અમદાવાદ લાવવાની તજવીજ હાથ ધરી હતી અને લૂંટની રકમની રિકવરી સહિત આ પ્રકરણમાં સંડોવાયેલા ફરાર અન્ય આરોપીઓ સહિતની બાબતોની તપાસ હાથ ધરી છે. લૂંટની આ ચકચારી ઘટનામાં ત્રણથી વધુ આરોપીઓ સંડોવાયેલા હોવાની માહિતી પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવી છે.

એસજી હાઈવે પર રાજપથ કલબ પાસે ગયા મહિને સીએમએસ કંપનીની કેશવાનના ડ્રાઈવર દ્વારા કરાયેલી રૂ.૯૮ લાખની સનસનીખેજ ચોરીના ચકચારભર્યા પ્રકરણમાં પોલીસ તંત્ર દ્વારા એ ડિવીઝનની અધ્યક્ષતામાં ત્રણ જુદી જુદી ટીમો અને શહેર ક્રાઈમબ્રાંચની અલગ-અલગ છ સહિત કુલ દસ જેટલી ટીમો બનાવી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે પરંતુ પોલીસને આરોપીઓના લોકેશન વિશે કોઈ જ નક્કર માહિતી કે સગડ મળ્યા ન હતા. પોલીસે રીંગ રોડ પરના સીસીટીવી ફુટેજ મેળવી પૈસા મૂકેલી લોખંડની પેટી અને ગુનામાં વપરાયેલી બાઈકને લઈ તે દિશામાં પણ તપાસનો દોર આંરભી આરોપીઓને પકડવાની કવાયત તેજ કરી હતી. ગત તા.૨૪-૨-૨૦૧૮ના રોજ સીએમએસ કંપનીની કેશવાનનો ડ્રાઈવર સુધીર વાઘેલા તેના ગનમેન અને અન્ય બે કર્મચારીને ગઈ મોડી સાંજે ચામાં નશીલો પદાર્થ પીવડાવી બેભાન કરી પૈસા ભરેલી પેટી લઈ ફરાર થઈ ગયો હતો. મૂળ ઉત્તરપ્રદેશના ઈટાવાનો રહેવાસી ડ્રાઈવર સુધીર બપોરે ૨-૩૦ વાગ્યે એટીએમમાં પૈસા ભરવા માટે તેના ત્રણ સાથી કર્મચારીઓ ધવલ પાનવાલ, સિધ્ધાંત ચાવડા અને ગનમેન જિતેન્દ્રસિંહ ગુર્જરસિંહ તોમર સાથે નીકળ્યો હતો.

સુધીરે કોર્ટયાર્ડ મેરિયોટ હોટલ પાસે કેફી પદાર્થવાળી ચા તેના સાથી કર્મચારીઓને પીવડાવી હતી અને સાંજે સાત વાગતાં તેઓ રાજપથ કલબ પાસે એચડીએફસી બેંકના એટીએમમાં પૈસા ભરવા પહોંચ્યા હતા. પરંતુ કેફી દ્રવ્યની અસર થઈ હોવાના કારણે પેલા ત્રણ સાથી કર્મચારીઓ વાનમાં બેભાન થઈ ગયા હતા. બીજીબાજુ, ડ્રાઈવર સુધીર વાનમાં લોખંડની પેટીમાં રહેલી રોકડ રૂ.૯૮.૧૦ લાખ ચોરી તેના સાગરિતો સાથે બાઈક પર ફરાર થઈ ગયો હતો. રાત્રે દસ વાગ્યાની આસપાસ ત્રણેય કર્મચારીઓ ભાનમાં આવતાં તેમને સમગ્ર હકીકતનો ખ્યાલ આવી ગયો હતો, તેમણે તરત જ ૧૦૮ને બોલાવી તબીબી તપાસ કરાવી હતી અને બીજીબાજુ, પોલીસને પણ જાણ કરી દીધી હતી. કેશવાનની રૂ.૯૮ લાખની રોકડરકમની ચોરીના ચકચારભર્યા પ્રકરણમાં મુખ્ય આરોપી એવા કેશવાનના ડ્રાઈવર સુધીર વાઘેલા સહિત ત્રણ આરોપીઓ હોવાનું ખૂલ્યુ હતું. આ ત્રણેય આરોપીઓ મૂળ ઉત્તરપ્રદેશના ઈટાવાના વતની હતા અને ચાંદખેડાના જનતાનગરમાં મકાન રાખીને સાથે જ રહેતા હતા અને સાથે જ મકાન ખાલી કરી અહીંથી નાસી ગયા હતા. તેથી ક્રાઈમબ્રાંચની એક ટીમે ઉત્તરપ્રદેશના કેટલાક વિસ્તારોમાં ધામા નાંખી બહુ ગુપ્ત રીતે સર્ચ ઓપરેશન હાથ ધર્યા હતા. જેમાં આખરે રૂ.૯૮ લાખની લૂંટના ગુનાના બે આરોપીઓ ત્યાંથી ઝડપાઈ ગયા હતા.

ગૃહમાં ગરિમા હણાતાં કોંગી હાઇકમાન્ડે નોંધ લીધી

સસ્પેન્ડેડ સભ્યોને દિલ્હીનું તેડું : મોવડીઓ સાથે ચર્ચા

આજથી દિલ્હીમાં કોંગ્રેસનું ૩ દિવસનું રાષ્ટ્રીય અધિવેશન : દેશભરમાંથી કોંગ્રેસના નેતા ભાગ લેશે

અમદાવાદ,

ગુજરાત વિધાનસભામાં ગઈકાલે ભાજપ અને કોંગ્રેસના ધારાસભ્યો વચ્ચે છુટ્ટા હાથની મારામારી અને ગાળાગાળીની કલંકિત ઘટનાના પડઘા છેક દિલ્હી સુધી પડયા છે. ખાસ કરીને ભાજપના ધારાસભ્ય પર માઈક વડે હુમલો કરનાર અને ગૃહમાં બબાલ કરનારા કોંગ્રેસના સસ્પેન્ડેડ ધારાસભ્યો પ્રતાપ દુધાત, અમરીષ ડેર અને બળદેવ ઠાકોરને દિલ્હી હાઈકમાન્ડનું તેડું આવ્યું છે. વિધાનસભા ગૃહમાં લોકશાહીની ગરિમા હણાતાં ખુદ કોંગી હાઈકમાન્ડે તેની ગંભીર નોંધ લીધી છે અને તેથી સસ્પેન્ડેડ ધારાસભ્યોને શીખ અને ખાનગીમાં ઠપકો આપવાના આશયથી તેઓને દિલ્હી બોલાવાયા હોવાનું ચર્ચાઈ રહ્યું છે. સસ્પેન્ડેડ ધારાસભ્યો પ્રતાપ દુધાત, અમરીષ ડેર અને બળદેવ ઠાકોર આજે મોડી રાત્રે અથવા આવતીકાલે દિલ્હી પહોંચે તેવી શકયતા છે.

જો કે, તાજી જાણકારી પ્રમાણે બળદેવ ઠાકોરને પક્ષ દ્વારા બનાસકાંઠા જિલ્લા પંચાયતની મહત્વની જવાબદારી સોંપાઈ હોવાથી તેઓ હાલ જવાના નથી તેવી વિગતો જાણવા મળી રહી છે. ગુજરાત વિધાનસભા ગૃહની કલંકિત ઘટનાને લઈ તેની ગંભીરતા સમજી કોંગ્રેસના ગુજરાતના પ્રભારી અશોક ગેહલોત પણ આવતીકાલે દિલ્હી પહોંચી રહ્યા છે અને કોંગી હાઈકમાન્ડ સાથે તેઓ પણ કોંગ્રેસના ગુજરાતના સસ્પેન્ડેડ ધારાસભ્યો સાથે ચર્ચા કરે તેવી શકયતા છે. બીજીબાજુ, આવતીકાલથી ત્રણ દિવસ માટે એટલે કે, તા.૧૬, ૧૭ અને ૧૮ માર્ચે દિલ્હીમાં કોંગ્રેસનું રાષ્ટ્રીય અધિવેશન મળવા જઈ રહ્યું છે, જેમાં દેશભરમાંથી કોંગ્રેસના દિગ્ગજ નેતાઓ, આગેવાનો, ધારાસભ્યો ભાગ લેવા આવનાર છે. રાહુલ ગાંધી કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ બન્યા પછી તેમનું પક્ષનું અને તેમનું આ પહેલુ રાષ્ટ્રીય અધિવેશન હોઈ ઘણું મહત્વનું મનાઈ રહ્યું છે. આ અધિવેશનમાં ગુજરાત કોંગ્રેસના નેતાઓ, આગેવાનો, ધારાસભ્યો સહિત ૪૦૦ લોકો ભાગ લઈ રહ્યા છે. કોંગ્રેસના રાષ્ટ્રીય અધિવેશન પહેલાં ગુજરાત વિધાનસભા ગૃહમાંથી સસ્પેન્ડ કરાયેલા કોંગ્રેસના ધારાસભ્યો સાથે કોંગ્રેસના ગુજરાતના પ્રભારી અશોક ગેહલોત સહિતના પક્ષના મોવડીઓ દ્વારા ચર્ચા વિચારણા કરાશે. સસ્પેન્ડેડ ધારાસભ્યો પાસેથી કોંગ્રેસના મોવડીઓ સમગ્ર ઘટનાની સાચી હકીકત અને અંદરની વાત જાણવાનો પ્રયાસ કરશે. એટલું જ નહી, ગૃહમાં લોકશાહીની ગરિમાને ઝાંખપ લાગે તેવું વર્તન કરવા બદલ પક્ષ દ્વારા આ સસ્પેન્ડેડ ધારાસભ્યોને શીખ આપવાની સાથે સાથે ખાનગીમાં ઠપકો પણ અપાય તેવું ચર્ચાઈ રહ્યું છે કારણ કે, ઉપરોકત કલંકિત ઘટનાને લઈ કોંગ્રેસની છબીને પણ અસર ચોક્કસ થઈ છે અને તે હેતુથી જ કોંગી હાઈકમાન્ડે સમગ્ર મામલાની ગંભીરતા ધ્યાને લઈ સસ્પેન્ડ ધારાસભ્યોને તાબડતોબ દિલ્હી બોલાવ્યા છે. સાથે સાથે કોંગ્રેસના રાષ્ટ્રીય અધિવેશનમાં ભાગ લેવા ગુજરાત કોંગ્રેસના કેટલાક નેતાઓ અને આગેવાનો તો દિલ્હી જવા રવાના થઈ ગયા હોવાનું પણ જાણવા મળી રહ્યું છે.

ધોરણ ૧૦ બોર્ડ પરીક્ષામાં આજે એસએસનું પેપર

અમદાવાદ,

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવી રહેલી બોર્ડની પરીક્ષામાં એક દિવસના વિરામ બાદ આવતીકાલે મહત્વના વિષયની પરીક્ષા લેવામાં આવનાર છે જેથી વિદ્યાર્થીઓ ખુબ જ સાવધાન અને સજ્જ થયેલા છે. એક દિવસની રજા મળ્યા બાદ વિદ્યાર્થીઓ વાંચનમાં વ્યસ્ત રહ્યા હતા. આવતીકાલે શુક્રવારના દિવસે વધારે સ્વસ્થ્ય થઈને મુખ્ય વિષયની પરીક્ષા આપનાર છે. આવતીકાલે જાહેર કરાયેલા ટાઈમટેબલ મુજબ ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાન અથવા સમાજશાસ્ત્રની પરીક્ષા આપનાર છે. ખુબ જ મહત્વપૂર્ણ વિષય હોવાથી આના પર વિદ્યાર્થીઓ ધ્યાન કેન્દ્રિત કરી ચુક્યા છે.

બીજી બાજુ વિજ્ઞાન પ્રવાહ ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓ આવતીકાલે ગણિત અથવા તો મેથ્સ વિષયની પરીક્ષા આપનાર છે. ખુબ મહત્વપૂર્ણ વિષય હોવાથી આ વિષયને લઈને વિદ્યાર્થીઓ વધારે ગંભીર બનેલા છે. આવતીકાલે સામાન્ય પ્રવાહમાં અર્થશાસ્ત્રનું પેપર રહેશે. ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ બોર્ડની પરીક્ષા ૧૨મી માર્ચથી શાંતિપૂર્ણ માહોલમાં શરૂ થઈ હતી. પ્રથમ દિવસે સોમવારના દિવસે ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓએ ગુજરાતી ભાષા સહિત પ્રથમ ભાષાના પેપરો આપ્યા હતા જ્યારે બપોરના ગાળામાં વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓએ ભૌતિકશાસ્ત્રનું પેપર આપ્યું હતું. બોર્ડની પરીક્ષામાં અમદાવાદના ધોરણ-૧૦ના ૬૯,૩૯૦ વિદ્યાર્થીઓ અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં ૩૨,૯૭૦ અને વિજ્ઞાનપ્રવાહના ૧૧,૮૦૦ જેટલા વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેઠા છે. આ સાથે રાજયભરમાંથી ધોરણ-૧૦ અને ૧૨ના મળી કુલ ૧૭.૪૪ લાખથી વધુ વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષામાં આપી રહ્યા છે. બોર્ડના તમામ સેન્ટર એવી શાળાઓ પર ચુસ્ત સુરક્ષા બંદોબસ્તથી માંડીને નીરીક્ષક સુધીની વ્યવસ્થા પણ કરાઈ છે. પરીક્ષામાં ગેરરીતિ ડામવા માટે બોર્ડ દ્વારા ૪૨થી વધુ સ્ટેટ સ્કવોડ તૈનાત કરાઈ છે.

ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ગણિતનું પેપર

વિપક્ષના સભ્યોએ પ્રશ્નકાળ વેળા મૌન રહીને વિરોધ કર્યો

અમદાવાદ,

ગુજરાત વિધાનસભામાં ગઈકાલે ભાજપ અને કોંગ્રેસના ધારાસભ્યો વચ્ચે છુટ્ટા હાથની મારામારી અને ગાળાગાળીની કલંકિત ઘટના બાદ આજે વિધાનસભા ગૃહમાં તેના પ્રત્યાઘાત જોવા મળ્યા હતા. વિધાનસભામાં મારામારી પ્રકરણમાં કોંગ્રેસના ત્રણ ધારાસભ્યો ગઈકાલે અધ્યક્ષ દ્વારા સસ્પેન્ડ કરાયા બાદ આજે કોંગ્રેસના બાકીના ધારાસભ્યોએ ગૃહની કાર્યવાહીમાં ભાગ લીધો હતો પરંતુ પ્રશ્નકાળ દરમ્યાન દોઢેક કલાક સુધઈ મૌન રહી, પશ્નો નહી પૂછી અસહકારનું અનોખુ આંદોલન છેડી ભાજપની દમનકારી નીતિ સામે જોરદાર વિરોધ કર્યો હતો. વિધાનસભામાં પ્રશ્ન પૂછવાનો વારો આવવાં છતાં કોંગી ધારાસભ્ય આનંદ ચૌધરીએ એક પણ શબ્દ બોલ્યા વિના મૌન રહી વિરોધ વ્યકત કર્યો હતો. કોંગ્રેસના ધારાસભ્યોનો મૌન વિરોધ અને ગૃહની કાર્યવાહીમાં અસહકાર આંદોલન સૂચક જણાતું હતું.

પાણી અને દારૂબંધી મુદ્દે યોગ્ય જવાબ નહી મળતાં આખરે વિપક્ષના ધારાસભ્યોએ ગૃહમાંથી વોકઆઉટ કરી ગૃહની કાર્યવાહીનો બહિષ્કાર કર્યો હતો. કોંગ્રેસના ધારાસભ્યો દ્વારા ભાજપ વિરોધી જોરદાર સૂત્રોચ્ચાર કરવામાં આવ્યો હતો. વિધાનસભા ગૃહમાં ગઈકાલે કોંગ્રેસના ધારાસભ્યો પ્રતાપ દુધાત અને અમરીષ ડેરની ભાજપના ધારાસભ્યો સાથે થયેલી બબાલમાં દુધાતે ઉશ્કેરાઈ જઈ ભાજપના નિકોલના ધારાસભ્ય જગદીશ પંચાલ પર માઈક વડે હુમલો કર્યો હતો, ભાજપ અને કોંગ્રેસના ધારાસભ્યો વચ્ચેની મારામારીના દ્રશ્યો દેશભરમાં નિંદા અને ટીકાને પાત્ર બન્યા હતા. મામલાની ગંભીરતા ધ્યાને લઈ અધ્યક્ષે પ્રતાપ દુધાત, અમરીષ ડેરને ત્રણ વર્ષ માટે અને બળદેવ ઠાકોરને એક વર્ષ માટે સસ્પેન્ડ કરી દીધા હતા. વિધાનસભાના ઈતિહાસની આ પ્રથમ ઘટનાના ઘેરા પ્રત્યાઘાત અને વિરોધ આજે ગૃહની કાર્યવાહી દરમ્યાન કોંગ્રેસની છાવણીમાં જોવા મળ્યો હતો. કોંગ્રેસના ધારાસભ્યો આજે ગૃહમાં કંઈ જ બોલ્યા ચાલ્યા વિના મૌન બેસી રહ્યા હતા અને ગૃહની કાર્યવાહીમાં અસહકારનું આંદોલન છેડી અનોખો વિરોધ વ્યકત કર્યો હતો. આજે ગૃહની કાર્યવાહીમાં ક્રમશઃ પ્રશ્નોમાં કોંગ્રેસના ધારાસભ્યનો પ્રશ્ન આવતો હોવાથી વિપક્ષના સભ્યએ પ્રશ્ન પૂછયા ન હતા. જેને પગલે અધ્યક્ષે તેમનો પ્રશ્ન મુવ નહી કરતાં અધ્યક્ષે બીજા ક્રમાંકના અન્ય પ્રશ્ન મુવ કર્યો હતો. આજે પ્રશ્નકાળમાં કોંગ્રેસના ધારાસભ્ય આનંદ ચૌધરી(માંડવી)નો પ્રશ્ન ક્રમાંક બે હતો, પરંતુ તેમનો પ્રશ્ન પૂછવાનો વારો હોવા છતાંય પ્રશ્ન નહી પૂછીને અનોખો વિરોધ વ્યકત કર્યો હતો. વિધાનસભા ગૃહમાં ભારે ધાંધલ ધમાલ થયાના એક દિવસ બાદ આજે એકંદરે શાંતિપૂર્ણ માહોલ રહ્યો હતો. કોઈપણ પ્રકારનો હોબાળો જોવા મળ્યો ન હતો.

કોંગ્રેસ દ્વારા દારૂબંધી મુદ્દે ભાજપ પર પ્રહારો

અમદાવાદ,

ગુજરાત વિધાનસભામાં આજે ગૃહવિભાગની માંગણીઓ પરની ચર્ચા દરમ્યાન કોંગ્રેસના ધારાસભ્ય સી.જે.ચાવડાએ ગુજરાતમાં દારૂની બદીને લઈ ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. ગાંધીના ગુજરાતમાં દારૂબંધી હોવાછતાં તેની કોઈ અસરકારક અમલવારી દેખાતી નથી અને કાયદો માત્ર કાગળ પર રહી ગયો લાગે છે તેમ કહેતાં ચાવડાએ ગંભીર આક્ષેપ કર્યો હતો કે, ગુજરાતમાં બેરોકટોક દારૂના અડ્ડાઓ અને હેરાફેરી ચાલે છે. જો ગુજરાતમાંથી પકડાયેલા દારૂને એક જગ્યાએ એકત્ર કરવામાં આવે તો, હાલમાં નર્મદાના પાણી કરતાં પણ વધુ દારૂની માત્રા વધી જાય.

કોંગ્રેસના ધારાસભ્ય સી.જે.ચાવડાએ વધુમાં આક્ષેપ કર્યો હતો કે, ભાજપના રાજમાં દારૂના અડ્ડાઓ ફુલ્યાફાલ્યા છે અને દારૂની બદી બેફામ રીતે વ્યાપી છે, જેન લઈ રાજયમાં ગુનાખોરીનું રાજ પ્રવર્તી રહ્યું છે. તેમણે ગૃહ રાજયમંત્રી પ્રદીપસિંહ જાડેજા અને મોદી પર કટાક્ષ કરતાં જણાવ્યું હતું કે, ગૃહ રાજયમંત્રી છ ફુટ હાઈટ ધરાવે છે અને તેથી તેઓ માત્ર ઉપર જ જોઈ રહ્યા છે તેમની નીચે શું બને છે તે તેમને દેખાતું નથી. વડાપ્રધાન ૫૬ ઈંચની છાતીની વાત કરે છે પરંતુ છપ્પનની છાતી તો ખચ્ચરની હોય છે, માણસની છાતી તો ૩૩ ઈંચની હોય અને વધુમાં વધુ ૩૬ ઈંચની હોઈ શકે. વિપક્ષના સભ્યના આવા આક્ષેપ સાંભળી ભાજપના ધારાસભ્યોએ ઉગ્ર વિરોધ કર્યો હતો અને બંને પક્ષે આક્ષેપ-પ્રતિઆક્ષેપોનો મારો ચાલુ થઈ ગયો હતો.

ઉલ્લેખનીય છે કે, થોડા દિવસ પહેલાં જ ગૃહરાજયમંત્રી પ્રદીપસિંહ જાડેજાએ ગૃહમાં રાજયમાં થયેલાદારૂના કેસોની વિગતો રજૂ કરી હતી, જે મુજબ, ગાંધીના ગુજરાતમાં દારૂબંધી હોવાછતાં બે વર્ષમાં દારૂના ૧૨,૩૪૦ ગુનાઓ નોંધાયા હતા. જેમાં વર્ષ ૨૦૧૬માં દારૂ સાથે સંકળાયેલા ૬૭૪૦ ગુનાઓની સંખ્યા ઘટીને ૫૬૦૦ થઈ હતી, એટલે કે, દારૂના ગુનાઓમાં એક હજાર જેટલો ઘટાડો નોંધાયો હોવાનો બચાવ ગૃહ રાજયમંત્રીએ રજૂ કર્યો હતો.

ખેડૂતોને આજથી ઉનાળુ ખેતી માટે સિંચાઈ પાણી નહીં મળે

ડેમમાં પાણીના ઘટેલા સ્તરને લઇ લેવાયેલો નિર્ણય : છેલ્લા ૧૫ વર્ષની સરખામણીએ આ વખતે પાણીના જથ્થા અને સ્તરમાં ભારે ઘટાડો થયો હોવાની કરાયેલી કબૂલાત

અમદાવાદ,

સમગ્ર ગુજરાત રાજયમાં આવતીકાલથી ખેડૂતોને ઉનાળુ ખેતી માટે નર્મદા ડેમમાંથી સિંચાઈનું પાણી આપવામાં આવશે નહી. નર્મદા ડેમમાં પાણીના ઘટી ગયેલા સ્તરને લઈ ખુદ સરદાર સરોવર નિગમ લિમિટેડ દ્વારા આ મહત્વના નિર્ણયની જાહેરાત કરવામાં આવી હતી. બીજીબાજુ, નર્મદામાંથી સિંચાઈનું પાણી નહી મળે તેવા નિર્ણયને પગલે રાજયભરના ખેડૂતોમાં ઉગ્ર આક્રોશ ફેલાઈ ગયો છે. નર્મદા ડેમમાંથી માત્ર પીવાનું ચાર હજાર કયુસેક જેટલું પાણી પૂરૂ પાડી શકાય તેવી સ્થિતિ સર્જાઈ છે. સરદાર સરોવર નિગમ લિમિટેડના સત્તાવાળાઓએ પાણીની તંગી અને ઘટેલા સ્તરને જોતાં ખેડૂતોને તેમની પાસે સ્થાનિક સ્તરે જો પાણીની પૂરતી અને યોગ્ય વ્યવસ્થા ના હોય તો આ વર્ષે ઉનાળુ પાક ના લેવાની અપીલ કરી છે.

કારણ કે, આવતીકાલથી ખેડૂતોને નર્મદા ડેમમાંથી સિંચાઈનું પાણી અપાવાનું નથી. નિગમના સત્તાવાળાઓએ પાણી નહી આપવા પાછળ એવો બચાવ રજૂ કર્યો હતો કે, ગત ચોમાસામાં નર્મદા ડેમના કેચમેન્ટ વિસ્તારમાં ઓછા વરસાદને પગલે હાલ ડેમમાં પાણીનું સ્તર ઘટી ગયું છે અને તેથી પાણીના જથ્થામાં ભારે ઘટાડો નોંધાયો છે.

હાલ નર્મદા ડેમમાં માત્ર ૪૫ ટકા જ પાણી બચ્યું છે. કમાન્ડ એરિયામાં સ્ટાન્ડર્ડ વોટર સપ્લાય નિયમો મુજબ, પીવાના પાણીની તંગી ના સર્જાય તે માટે ઉનાળુ પાક માટે અપાતા સિંચાઈના પાણી પર નિયમંત્ર મૂકવાનું દર વર્ષે સૂચન કરે છે. આ સત્તાવાર મેન્યુઅલ હોવાનો પણ સરદાર સરોવર નિગમ લિમિટેડના સત્તાધીશો દાવો કરી રહ્યા છે પરંતુ નર્મદા ડેમમાંથી ખેડૂતોને સિંચાઈનું પાણી આવતીકાલથી બંધ કરવાના નિર્ણયના પગલે ગુજરાતભરના ખેડૂતોમાં ઉગ્ર આક્રોશ ફાટી નીકળ્યો છે. કારણ કે, એકબાજુ, રાજયભરના ખેડૂતોએ ઉનાળુ પાકની આગોતરી તૈયારીઓ કરી દીધી છે, તેમની મહેનત, પૈસા અને સમય તેમાં જોતરી દીધા છે અને હવે છેલ્લી ઘડીયે સરકારના સત્તાવાળાઓ નર્મદા ડેમમાંથી ખેડૂતોને સિંચાઈનું પાણી આપવાનું બંધ કરી રહ્યા છે, તો ખેડૂતો હવે શું કરશે? ખેડૂતોની કમર તૂટી જશે અને લાખો રૂપિયાની નુકસાની સહન કરવાનો વારો આવશે તો તે માટે જવાબદાર કોણ ? એ મતલબનો આક્રોશ ખેડૂતો વ્યકત કરી રહ્યા છે. આવતીકાલથી રાજયમાં ખેડૂતોને સિંચાઈનું પાણી મળવાનું નહી હોવાથી પાણીની કેનાલ અને અન્ય સ્ત્રોતમાંથી પાણીની ચોરી ના થાય તે માટે સરકારના સત્તાવાળાઓએ પોલીસ પહેરો-જાપ્તો તૈનાત કર્યા છે.

ખાસ કરીને અમદાવાદ જિલ્લાના સાણંદ, બાવળા, ધોળકા સહિતના પંથકોમાં પાણીની ચોરી ના થાય તે માટે સરકાર દ્વારા પાણી પર પહેરો એટલે કે, પોલીસનો જાપ્તો બેસાડવામાં આવ્યો છે. આ માટે એસઆરપી અને સ્થાનિક પોલીસના જવાનોને પેટ્રોલીંગ અને વોચમાં તૈનાત કરાયા છે. આ જ પ્રકારે રાજયના અન્ય પંથકોમાં પણ પાણીની ચોરી ના થાય તે માટે તંત્રએ સુરક્ષા વ્યવસ્થા ગોઠવી છે.

CENTRAL UNIVERSITY OF PUNJAB

Advt. No. CUPB/Estab./18/036
Date: 14/03/2018

CORRIGENDUM - 1

RFP notified vide advertisement No. 033 dated 27.02.2018

Ref: RFP Notice published in this newspaper on 27.02.2018 vide Advt. No. CUPB/Estab./18/033 for Planning, Designing, Supplying and Installation of Laboratory Furniture & Fume Hoods including Exhaust, Gas and other required systems/networks.

Pre Bid meeting, attended by several bidders, to discuss the RFP document terms and conditions was held on 09.03.2018 at CUPB City Campus Bathinda. The Minutes of Pre Bid meeting containing the record of discussions, clarifications given along with some modifications in T & C vide Corrigendum-1 can be seen on the University Website www.cup.edu.in or www.cup.ac.in. The last date for submission of bid by 21.03.2018 up to 15.00 Hrs remains unchanged.

REGISTRAR

City Campus, Mansa Road, Bathinda-151001, Email: registrar@cup.edu.in; Tele: +91-164-2864110

विज्ञापन का हिंदी रूपान्तर विश्वविद्यालय की वेबसाइट पर उपलब्ध है।

MCX
METAL & ENERGY
Trade with Trust

Multi Commodity Exchange of India Limited
Exchange Square, CTS No. 255, Suren Road, Chakala, Andheri (East), Mumbai – 400 093.
CIN: L51909MH2002PLC135594, E-mail: info@mcxindia.com, www.mcxindia.com

NOTICE

NOTICE is hereby given that **Omex Commodities,** Member of Multi Commodity Exchange of India Ltd. (Exchange), having Member ID – 11260, FMC UMC Code – MCX/TM/PROP/1648 has been ceased by the Exchange.

Any client / constituents having any claim / complaint against the above Member arising out of the transactions in commodities futures through Exchange may furnish details of their claim in writing enclosing therewith all supporting documents along with Exchange specified "Client Complaint Form" (available at www.mcxindia.com), within 15 days of the publication of this notice to Vice President – Investor Services Department, Multi Commodity Exchange of India Ltd. (MCX), Exchange Square, CTS No. 255, Suren Road, Chakala, Andheri (East), Mumbai – 400 093. Any such claims received after 15 days shall not be entertained by the Exchange against the above Member and it shall be deemed that no such claims exist against the above Member or such claims, if any, shall be deemed to have been waived and would not be considered for apportionment from Member's deposits, if any, lying with the Exchange.

Any claim / complaint, if any, received from legitimate claimants against the above mentioned Member within 15 days will be dealt with in accordance with the Bye-Laws, Rules and Business Rules of the Exchange. Authorised Persons (APs), if any, registered through the above mentioned Member cease to exist and therefore, such APs are not authorized henceforth to deal in that capacity.

For Multi Commodity Exchange of India Ltd.
Sd/-
Authorised Signatory – Membership

Place: Mumbai,
Date: February 28, 2018